# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં અંદાજે 11 હજાર કરોડ રૂપિયાના બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે

2) વિદેશ મંત્રી ડૉ.એસ. જયશંકર અને દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રી ચો હ્યુને નવી દિલ્હીમાં વિવિધ મુદ્દા પર સહકાર વધારવા ચર્ચા કરી.

3) ચીનના વિદેશ મંત્રી વાંગ યી આવતીકાલે બે દિવસની મુલાકાતે ભારત આવશે

4) ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 47 ટકાથી વધુ વધી

5) ભારતનાં તાન્યા હેમંતે સાઇપન ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટનો મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો.

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - DELHI PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં લગભગ અગિયાર હજાર કરોડ રૂપિયાના બે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. જેમાં દ્વારકા એક્સપ્રેસવેનો દિલ્હી ભાગ અને શહેરી વિસ્તરણ માર્ગનો બીજો ભાગનો સમાવેશ થાય છે. શ્રી મોદી ઉદ્ઘાટન પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

## (બાઇટ – મુકેશ કુમાર)

# JAISHANKAR - KOREAN FM

વિદેશ મંત્રી એસ. જયશંકરે ગઈકાલે નવી દિલ્હીમાં દક્ષિણ કોરિયાના વિદેશ મંત્રી ચો હ્યુન સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે બંને પક્ષોએ વેપાર, ઉત્પાદન, દરિયાઈ અને લોકો વચ્ચેના આદાનપ્રદાન સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરી હતી. બંને નેતાઓએ મિકેનિકલ ઇન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર્સ, સ્વચ્છ ઉર્જા, સંરક્ષણ, ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને વર્તમાન વૈશ્વિક વિકાસ પર પણ ચર્ચા કરી હતી.

આ વર્ષે બંને દેશો વચ્ચેની ખાસ વ્યૂહાત્મક ભાગીદારીની 10મી વર્ષગાંઠ પણ છે. શ્રી હ્યુને કહ્યું કે આતંકવાદના મુદ્દા પર દક્ષિણ કોરિયા ખૂબ જ કડક વલણ ધરાવે છે. પહેલગામ આતંકવાદી હુમલા અંગે શ્રી હ્યુને કહ્યું કે દક્ષિણ કોરિયા કોઈપણ

પ્રકારના આતંકવાદી હુમલાની તરફેણ કરતું નથી. તેમણે કહ્યું કે દક્ષિણ કોરિયા ભારત સરકાર અને ભારતના લોકોની સાથે છે.

# NAGALAND GOVERNOR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને નાગાલેન્ડના રાજ્યપાલનો વધારાનો હવાલો સોંપ્યો છે. રાષ્ટ્રપતિ ભવને જણાવ્યું છે કે નાગાલેન્ડના રાજ્યપાલ લક્ષ્મી ગણેશનના નિધન બાદ શ્રી ભલ્લાને રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# CHINA FM VISIT

ચીનના વિદેશ મંત્રી વાંગ યી આવતીકાલે બે દિવસની મુલાકાતે ભારત આવી રહ્યા છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલના આમંત્રણ પર તેમની આ મુલાકાત થઈ રહી છે. શ્રી વાંગ શ્રી ડોભાલ સાથે ભારત-ચીન સરહદ મુદ્દા પર 24મા રાઉન્ડના ખાસ પ્રતિનિધિ સ્તરની વાટાઘાટોમાં ભાગ લેશે. ચીનના વિદેશ મંત્રી વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે પણ વાતચીત કરશે.

# BJP PARLIAMENTARY BOARD

ભારતીય જનતા પાર્ટી સંસદીય બોર્ડની આજે નવી દિલ્હી ખાતેના પાર્ટી મુખ્યાલયમાં બેઠક યોજાશે. આ બેઠકમાં ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર અંગે ચર્ચા થઈ શકે છે.

શાસક NDA ગઠબંધનના નેતાઓએ સર્વાનુમતે એક ઠરાવ પસાર કર્યો છે જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડાને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારની પસંદગી કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ગુરુવાર સુધી ભરી શકશે. ચૂંટણી નવમી સપ્ટેમ્બરના રોજ યોજાશે. શ્રી જગદીપ ધનખડના રાજીનામાને કારણે આ ચૂંટણી થઈ રહી છે.

# EC - ELECTORAL ROLLS

ચૂંટણી પંચે કહ્યું છે કે મતદાર યાદી કાયદા અને નિયમોનું પાલન કરીને સંપૂર્ણ પારદર્શિતા સાથે તૈયાર કરવામાં આવે છે. પંચે કહ્યું કે મતદાર યાદી તૈયાર કરતી વખતે દરેક તબક્કે રાજકીય પક્ષો સામેલ હતા. પંચે અગાઉની ચૂંટણીઓની મતદાર યાદીઓમાં કથિત ખામીઓનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હોવાની ટીકા કરી હતી. પંચે કહ્યું કે જો દાવા અને વાંધાના સમયગાળા દરમિયાન મતદાર યાદી સંબંધિત કોઈ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હોત, તો તેની તપાસ થઈ શકી હોત.

પંચે એમ પણ કહ્યું કે ઘણા રાજકીય પક્ષો અને તેમના બૂથ સ્તરના કાર્યકરો સમયસર ડ્રાફ્ટ મતદાર યાદીની સમીક્ષા કરવામાં નિષ્ફળ ગયા અને તે અંગે કોઈ વાંધો નોંધાવ્યો નથી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# GOYAL- ELECTRONICS EXPORT

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસ ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 47 ટકાથી વધુ વધી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે મેક ઇન ઇન્ડિયાની સફળતાને કારણે છેલ્લા દાયકામાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન 31 અબજ ડોલરથી વધીને 133 અબજ ડોલર થયું છે.

શ્રી ગોયલે કહ્યું કે સરકારે ભારતને ઉત્પાદન ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા માટે ઘણા પ્રયાસો કર્યા છે. પરિણામે, ભારતમાં મોબાઇલ ઉત્પાદન એકમોની સંખ્યા 300 થી વધુ થઈ ગઈ છે, જ્યારે 2014 માં તેમની સંખ્યા ફક્ત બે હતી. તેમણે કહ્યું કે ભારત હવે મોબાઇલ આયાતકાર નથી, પરંતુ વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઇલ ફોન ઉત્પાદક દેશ છે. શ્રી ગોયલે કહ્યું કે ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં રોજગારીની ઘણી તકો ઉભી થઈ છે.

# FS - NEPAL VISIT

વિદેશ સચિવ વિક્રમ મિશ્રી આજથી નેપાળની બે દિવસની મુલાકાતે જઈ રહ્યા છે. તેમની  આ મુલાકાત નેપાળના વિદેશ સચિવ અમૃત બહાદુર રાયના આમંત્રણ પર થઈ રહી છે.

ભારત અને નેપાળ વચ્ચે મજબૂત મૈત્રીપૂર્ણ સંબંધો છે. તાજેતરના વર્ષોમાં, બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહયોગમાં નોંધપાત્ર વધારો થયો છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ભારત તેની પાડોશી પ્રથમની નીતિ હેઠળ નેપાળ સાથેના સંબંધોને પ્રાથમિકતા આપે છે.

# BADMINTON - SAIPAN INTERNATIONAL

ભારતની તાન્યા હેમંતે સાઇપન ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટનો મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો. નોર્ધન મારિયાના દ્વીપસમૂહમાં ગઈકાલે ફાઇનલમાં તાન્યાએ જાપાનની કાનાએ સકાઈને પરાજય આપ્યો હતો.

આ ટાઇટલ તાન્યાનું આ વર્ષનું પહેલું અને તેની કારકિર્દીનું ચોથું આંતરરાષ્ટ્રીય ચેલેન્જ ટાઇટલ છે. આ અગાઉ તાન્યાએ 2022માં ઇન્ડિયા ઇન્ટરનેશનલ, 2023માં ઇરાન ફજ્ર ઇન્ટરનેશનલ અને ગયા વર્ષે બેન્ડિગો ઇન્ટરનેશનલ જીત્યું હતું. તે ગયા વર્ષે અઝરબૈજાન ઇન્ટરનેશનલમાં રનર-અપ પણ રહી હતી.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ, ગોવા અને તેલંગાણામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

IMD એ આવતીકાલે દરિયાકાંઠાના કર્ણાટક, દક્ષિણ આંતરિક કર્ણાટક, પશ્ચિમ મધ્યપ્રદેશ અને ગુજરાતના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

વિભાગે આગામી બે દિવસ દરમિયાન કર્ણાટક, તેલંગાણા, તમિલનાડુ, કેરળ, માહે, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી પણ કરી છે. હવામાન વિભાગ અનુસાર, દિલ્હી-NCRમાં આગામી 2-3 દિવસ દરમિયાન હળવો વરસાદ થવાની સંભાવના છે.

# PUTIN-SUMMIT

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને અલાસ્કા ખાતે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાતને સમયસર અને ઉપયોગી ગણાવી છે.

તેમના મંત્રીમંડળ અને અન્ય અધિકારીઓને માહિતી આપતા તેમણે કહ્યું કે યુક્રેન સંઘર્ષ પર શિખર સંમેલનમાં થયેલી સ્પષ્ટ અને વાસ્તવિક વાટાઘાટોથી ક્રેમલિન નિર્ણય લેવાની નજીક પહોચ્ચાં છે. પુતિને કહ્યું કે તેઓ યુક્રેન યુદ્ધને શક્ય તેટલી વહેલી તકે સમાપ્ત કરવાની અને તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવાની રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ઇચ્છા સાથે સંમત છે.